ગાંધીનગરમાં ટેકનોલોજીના ઉપયોગ દ્વારા નવતર પ્રયોગ

ગાંધીનગર, તા. ૬

ટેકનોલોજી નો ઉપયોગ કરી ને નવતર પ્રયોગ, ગાંધીનગરના પ્રોફેશનલ વેડિંગ ફોટોગ્રાફર દિપક ભાઈ વ્યાસ દ્વારા તેમના કલાઈન્ટને PVR સિનેમા, મોટેરા ખાતે તેમના મેરેજની ૩૦ મિનિટ ની સિનેમેટીક ફિલ્મ સિનેમામાં બતાવામાં આવી, ''૧૮ વર્ષ થી ફોટોગ્રાફીના વ્યવસાયમાં દીપકભાઈ એ ગુજરાત ખાતે રાખેલ સ્પર્ધામાં ૨ વાર ૫૦૦ ફોટોગ્રાફરની વચ્ચે માઈક્રો ફોટોગ્રાફીમાં ૨ નંબર વિજેતા થયેલ છે, દિપક વ્યાસ ફોટોગ્રાફી તારીખેની એમની ૧૮ વર્ષ થી વ્યવસાય છે સાથે ૨૦૧૦ માં કુડાસણ ખાતે ખુશી ફોટો સ્ટુડિયો ના નામ થી AC ફોટો સ્ટુડિયો અધ્યતન વ્યવસ્થા સાથે ઓપન કરેલ છે, ત્યાર બાર ૨ વર્ષ થી તેમને પોતાની નવી ટીમ ''PARIVAR THE WEDDING TEAM'' ના નામ થી ચાલુ કરેલ છે જેમાં દીપકભાઈ વ્યાસ, કૌશિકભાઈ ગજ્જર, રિધમ ગજ્જર સાથે મળીને વ્યવસાય કરે છે. રિધમ ગજ્જર એ પુનાની સિમ્બાયોસિસ યુનિવર્સિટીમાંથી ફોટોગ્રાફીમાં ડિગ્રી કરે છે. તેઓનું મુખ્ય કામ ફેશન ફોટોગ્રાફી, પ્રોડક્ટ ફોટોગ્રાફી, ઈંડસ્ટ્રીઅલ ફોટોગ્રાફી છે રિધમ ભાઈ વેડિંગ ફોટોગ્રાફીમાં પણ દિપક ભાઈ અને કૌશિક ભાઈને ખુબ મદદ રૂપ થાય છે અને અત્યારની નવી પેઢી ને જે કામ જોઈએ છે તે પૂરું પાડે છે.

વેડિંગ ફિલ્મને સિનેમામાં બતાવીને દિપક ભાઈ અને પરિવાર વેડિંગ ટીમ દ્વારા એક નવતર પ્રયોગ કરી ને ફોટોગ્રાફી વ્યવસાયમાં નવી ચેતના આપી છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ લોંચ કર્યુ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું વેબ પોર્ટલ

રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૪૮૫૪ જેટલા મહિલા જૂથોની મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અન્વયે રચના થઈ

ગાંધીનગર,તા. ૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની માતૃશક્તિને આત્મનિર્ભરના માર્ગે વાળવા શરૂ કરેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાની સંપૂર્ણ માહિતી-વિગતો પારદર્શી રીતે મળી રહે તેવા ઉદાત્ત ઉદ્દેશ્યથી આ યોજનાનું વેબ પોર્ટલ લોંચ કર્યુ હતું. રાજ્ય મંત્રીમંડળની મળેલી બેઠકમાં આ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાની પ્રગતિ, લાભાર્થીઓની તેમજ સહભાગી બેંકો-નાણાંકીય સંસ્થાઓની વિસ્તૃત માહિતી સાથેનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ આ વેળાએ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ વેબ પોર્ટલ www.mmuy.gujarat.gov.in નું લોન્ચીંગ કર્યુ હતું. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરણા અને માર્ગદર્શનથી રાજ્યમાં આ બહુહેતુક મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં ૫૦ હજાર અને શહેરી ક્ષેત્રોમાં ૫૦ હજાર એમ ૧ લાખ મહિલા જૂથોની ૧૦ લાખ માતા-બહેનોને જૂથ દીઠ રૂ. ૧ લાખની સહાય પોતાના ગૃહ ઉદ્યોગ-નાના વ્યવસાય શરૂ કરવા માટે આપવામાં આવે છે. જોઈન્ટ લાયાબીલીટી અર્નિંગ એન્ડ સેવીંગ જૂથની રચના કરીને આવા મહિલા ગ્રૂપને નેશનલાઈઝડ બેંક, ખાનગી બેંકો, સહકારી બેંકો અને વિવિધ ધિરાણ સંસ્થાઓ મારફત રૂ. ૧ લાખનું ધિરાણ અપાશે.

મુખ્યમંત્રીશ્રીએ લોંચ કરેલા વેબ પોર્ટલ www.mmuy.gujarat.gov.in પરથી યોજનાની સંપૂર્ણ વિગતો, લાભાર્થીની પાત્રતા તેમજ જૂથની રચના થતાં જ ગ્રામીણસ્તરેથી તેની વિગતો પોર્ટલ પર ઉપલબ્ધ બનશે. આના પરિણામે યોજનામાં સહભાગી બેંકોને તેમના કાર્યક્ષેત્રના મહિલાજૂથોની વિગતો સીધી જ મળતી થવાથી લોન-સહાય એપ્રૂવલની પ્રક્રિયા ઝડપી બનશે અને પેપરલેસ ગર્વનન્સનો અભિગમ સાકાર થતાં બેંકો આ પોર્ટલ પરના સ્ટેટસના આધારે મહિલા જૂથોની લોન-ધિરાણ અંગેની પોતાની પ્રોસેસ શરૂ કરી દેશે. એટલું જ નહિ, જે-તે મહિલા જૂથના લાભાર્થી કે નોંધણીકારને પણ વેબ પોર્ટલ પરથી તેમની લોન-ધિરાણની સ્થિતીની જાણકારી મળી રહેશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય વહિવટમાં ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી પેપરલેસ અને લેસ હ્યુમન ઈન્ટરફેઈસ કાર્ય વ્યવસ્થા વિકસાવવાની જે નેમ રાખી છે તેમાં આ પોર્ટલ નવું સિમાચિન્હ બનશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તા.૧૭મી સપ્ટેમ્બર-૨૦૨૦ના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની રાજ્યની મહિલાશક્તિની આર્થિક ઉન્નતિની ભેટ રૂપે આ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવેલો છે. આ યોજનાના સફળ અમલીકરણ માટે રાજ્ય સરકારે ૬૫ અર્બન કો-ઓપરેટીવ બેંક તથા કુલ ૧૨૪ જેટલી સહકારી તેમજ અન્ય બેંક મળી ૧૮૯ સંસ્થાઓ સાથે MoU અત્યાર સુધી કરેલા છે. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અન્વયે રાજ્યભરમાં ૪૪૮૫૪ જેટલા જોઈન્ટ લાયાબિલીટી અર્નિંગ એન્ડ સેવિંગ જૂથોની રચના થઈ ગઈ છે. આના પરિણામે રાજ્યની આવી ૪ લાખ ૪૮ હજાર માતા-બહેનોને મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો લાભ મળશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા 'પોઝીટીવ સાઈકોલોજી' પર વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૬

મનોવિજ્ઞાન વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર પમી જાન્યુઆરીએ 'પોઝીટીવ સાઈકોલોજી' પર એક વેબીનારનું આયોજન થયું હતું. જેમાં માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી, જીવનમાં બનતી ઘટના, પોતાની જાત અને અન્ય વ્યક્તિઓ પ્રત્યે કેવી રીતે હકારાત્મક વલણ દાખવવું? તેની વિસ્તૃત છણાવટ થઈ હતી. મનોવિજ્ઞાન વિભાગના વડા પ્રો.બી.ડી.ઢીલાએ હકારાત્મક મનોવિજ્ઞાનનો ઉદ્ભવ અને વિકાસ, માનવવિકાસ પર અસર કરતા વિધાયક મનોવિજ્ઞાનનાં ઘટકો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. મનોવિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપક ડૉ. અંજના ચૌહાણે સુખાકારીના શારીરિક, માનસિક અને સામાજિક પાસા, સુખાકારીનું મનોવૈજ્ઞાનિક માપન અંગે વિગતવાર ચર્ચા કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક ડૉ. શેબા શુક્લાએ કર્યું હતું. આભારવિધિ પ્રાધ્યાપક ડૉ.રોનક પરમારે કરી હતી. વેબીનારનું ફેસબુક પર લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવ્યું હતું. જેનો વિશાળ સંખ્યામાં દર્શકોએ લાભ લીધો હતો. યુનિવર્સિટીના કુલપતિહર્ષદ પ્ર. શાહે તથા કુલસચિવ ડૉ.અશોક પ્રજાપતિએ વેબીનારની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સાંઈરામ દવે અને દેવ ભટ્ટે રજુ કર્યું ગુજરાતીઓનું ગીત

ગાંધીનગર, તા. ૬

ગુજરાત અને ગુજરાતીઓના મિજાજનું અદભૂત વર્ણન કરતું ગુજરાતી ગીત ''ડાલામથ્થો ગુજરાતી'' ૭ જાન્યુઆરીના રોજ દેવ ભટ્ટ ઓફીશીયલ અને સાંઈરામ દવે ઓફીશીયલ યુ ટ્યુબ ચેનલ પર રીલીઝ થયું છે. આ ગીતમાં જાણીતા ગાયક દેવ ભટ્ટ અને સાંઈરામ દવે બંનેએ પોતાનો સ્વર આપ્યો છે.ગુજરાતી પ્રજાનું વર્ણન કરતા આ ગીતની અદભૂત ફિલ્મોગ્રાફી જોતા જ લોકોના મનમાં વસી જાય એવી છે.આ ગીતને દેવ ભટ્ટ દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે. આ ગીતના દિગ્દર્શન પ્રીત ગોસ્વામીએ કર્યું છે. ગીતનું સંગીત શિંગાળા ભાસ્કર દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર અને લોક સાહિત્યકાર સાંઈરામ દવેના કાવ્યસંગ્રહ ''રંગ કસુંબલ ગુજરાતી''નું આ ગીત ગુજરાતીઓના મિજાજ અને ગુજરાતી લોકોની લાક્ષણીકતાનું અદભુત વર્ણન છે. ગુજરાતી લોકોનું હૈયું હરખાવતું આ ગીત સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યું છે.

શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં કોરોના સામે રોગ પ્રતિકારક શકિત વધારવા ઉકાળો બનાવવાની પ્રવૃત્તિ થઈ

ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય (કડી) ગાંધીનગર શાખા સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં ધોરણ ૭ ની વિદ્યાર્થીનીઓએ ઓનલાઈન ભણતરની સાથે સાથે આ કોરોનાના કપરા સમયમાં તેનાથી બચવા માટે અનેતેની સામે રોગ પ્રતિકારક શકિત વધારવા ઉકાળા બનાવવાની પ્રવૃતિ કરી. વિદ્યાથીની બહેનોએ જાત-જાતના ઉકાળા તૈયાર કર્યા હતા અને સાથે સાથે ઉકાળાના ફાયદાઓ પણ કહ્યા હતા. આ માટે માર્ગદર્શક શિક્ષિકા સેજલબેન વાળા તેમજ સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલે માર્ગદર્શન પુરું પાડયું હતું. આ પ્રવૃતિ બદલ શાળાના આચાર્યા બહેન નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

મધ્યાહન ભોજન અંતર્ગત રૂા. ૧૭૭૫.૪૧ લાખ રકમ કુકીંગ કોસ્ટની રકમ બાળકોના બેંક ખાતામાં જમા કરાઈ

જિલ્લામાં ૧,૮૭,૩૪૭ વિદ્યાર્થીઓને ૨૦૬૫૧ ક્વિન્ટલ ઘઉં અને ચોખાના જથ્થાનું વિતરણ

મહેસાણા, તા. ૬

નોવેલ કોરોના વાઈરસ - Covid-19 જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે તેના અનુસંધાને ગુજરાત રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ તા.૧૬/૦૩/૨૦૨૦થી બંધ રાખવા રાજ્ય સરકારે જાહેરનામું બહાર પાડેલ છે. જે અન્વયે મધ્યાહન ભોજન યોજના નિયમો-૨૦૧૫ મુજબ મધ્યાહન ભોજન યોજના હેઠળ આવરી લેવાયેલ તમામ સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળાઓ/સર્વ શિક્ષાના ખાસ તાલીમ વર્ગોમાં નોંધાયેલ વિદ્યાર્થીઓને પોષણ મળી રહે તેમજ રોગપ્રતિકારક શક્તિ જળવાઈ રહે તે હેતુ થી ફુડ સિક્યુરીટી એલાઉન્સ આપવા રાજ્ય સરકાર દ્વારા ઠરાવેલ છે.

મહેસાણા જીલ્લાના નોંધાયેલ તમામ વિદ્યાર્થીઓને ૧૮૭ દિવસ (તા.૧૬/૦૩/૨૦૨૦ થી તા.૨૮/૧૦/૨૦૨૦ જાહેર રજા, રવિવારની રજા સિવાય) નું ધો.૧ થી ૫ ના સરેરાશ ૧૧૭૦૮૮ વિદ્યાર્થીઓને રૂ.૯૪૦.૩૦ લાખ તથા ધો. ૬ થી ૮ ના સરેરાશ ૭૦૨૫૯ વિદ્યાર્થીઓને રૂ.૮૩૫.૧૧ લાખ મળી કુલ રૂ.૧૭૭૫.૪૧ લાખ કુકીંગ કોસ્ટની રકમ વિદ્યાર્થી/ વાલીના બેંક ખાતામાં જમા કરાવવામાં આવેલ છે.

તેમજ ધો.૧ થી ૫ ના સરેરાશ ૧૧૭૦૮૮ નોંધયેલ વિદ્યાર્થીઓને ઘઉં ૧૦૮૮૯.૨૬ ક્વિન્ટલ અને ચોખા ૧૦૮૮૯.૨૬ ક્વિન્ટલ તથા ધો.૬ થી ૮ ના સરેરાશ ૭૦૨૫૯ નોંધયેલ વિદ્યાર્થીઓને ઘઉં ૯૭૬૧.૯૭ ક્વિન્ટલ અને ચોખા ૯૭૬૧.૯૭ ક્વિન્ટલ મળી કુલ ઘઉં ૨૦૬૫૧.૨૩ ક્વિન્ટલ તથા ચોખા ૨૦૬૫૧.૨૩ ક્વિન્ટલ જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે તેમ જિલ્લા પુરવઠા અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

ગુજરાતી વેબ સીરિઝ 'વાત વાત મા'ના શુટિંગનો શુભારંભ : માર્ચમાં ઓટીટી પ્લેટફોર્મ ઉપર રજૂ થશે

ગાંધીનગર, તા.૬

ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઈન્ટરનેટ અને સ્માર્ટફોનની વ્યાપક ઉપલબ્ધતા, સોશિયલ મીડિયાના ઝડપી ફેલાવાની સાથે દર્શકોની પસંદગીમાં અભૂતપૂર્વ પરિવર્તન આવતાં વેબ-સીરિઝની લોકપ્રિયતામાં નોંધપાત્ર વધારો થયો છે. દેશમાં ઓટીટી પ્લેટફોર્મ્સ ઉપર વૈવિધ્યસભર કન્ટેન્ટ જોવાનું પસંદ કરતાં એક વિશેષ વર્ગની રચના થઇ છે, જેમાં યુવાનોનું પ્રમાણ સર્વોચ્ચ છે. ઘણાં ઓટીટી પ્લેટફોર્મ્સ ઉપર વિવિધ ભાષાઓમાં રસપ્રદ સીરિઝની ભરમાર છે. પરંતુ ગુજરાતી ભાષામાં હજી પણ ખુબજ ઓછી સંખ્યામાં વેબ સીરિઝ ઉપલબ્ધ હોવાથી દર્શકોને નિરાશ થવાનો વારો આવ્યો છે.

દેશ-વિદેશમાં રહેતાં ગુજરાતી દર્શકો સમક્ષ રસપ્રદ કન્ટેન્ટ ધરાવતી વેબ સીરિઝ રજૂ કરવાના ઉદ્દેશ્ય સાથે મેગ્નેટ મીડિયા ફિમ્સ દ્વારા આજે ગુજરાતી વેબ સીરિઝ ''વાત વાત મા''નું શુટિંગ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. પ્રોડ્યુસર ભાવેશ ઉપાધ્યાય અને ડાયરેક્ટર કર્તવ્ય શાહની સીરિઝમાં લોકપ્રિય અભિનેતા મલ્હાર ઠાકર અને અભિનેત્રી પૂજા જોષી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તેમની સાથે ચેતન દહિયા અને કૃપા પંડ્યા સહિતના કલાકારો પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં છે.

લોકપ્રિય અભિનેતા મલ્હાર ઠાકર અને અભિનેત્રી પૂજા જોષી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે

આ અંગે પ્રતિક્રિયા આપતાં પ્રોડ્યુસર ભાવેશ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, ''ગુજરાતી વેબ સીરિઝ ''વાત વાત મા'' ની જાહેરાત કરતાં અમે ખુબજ ઉત્સાહિત છીએ. આજે દર્શકોની કન્ટેન્ટ સંબંધિત પસંદગીઓમાં ઝડપથી બદલાવ જોવાઈ રહ્યો છે તથા ઓટીટી પ્લેટફોર્મ ઉપર ઘણી ઓછી ગુજરાતી સીરિઝ છે તેવી સ્થિતિમાં અમારી નવી સીરિઝ દર્શકોને ફ્રેશ અને શ્રેષ્ઠ કન્ટેન્ટ પૂરી પાડશે તેવો મને વિશ્વાસ છે.

આ રોમેન્ટિક વેબ સીરિઝનું શુટિંગ ૧૨ દિવસમાં સમાપ્ત કરી લેવાશે અને ત્રણ મહિના એટલે કે માર્ચ મહિનામાં તેને અગ્રણી ઓટીટી પ્લેટફોર્મ ઉપર રીલિઝ કરવામાં આવશે. સીરિઝના કુલ પાંચ એપિસોડ છે અને તેનું શુટિંગ અમદાવાદમાં કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે મેગ્નેટ મીડિયા ફિલ્મ પ્રોડક્શન કંપની ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષામાં ફિલ્મોનું નિર્માણ કરે છે અને વિદેશોમાં તેનું ડિસ્ટ્રિબ્યુશન પણ કરે છે. મહત્વપૂર્ણ છે કે કોવિડ-૧૯ સંબંધિત વહીવટીતંત્ર દ્વારા જાહેર કરાયેલી માર્ગદર્શિકાઓનું સખ્તાઈથી પાલન કરતાં સીરિઝનું શુટિંગ કરાશે, જેમાં માસ્ક, સેનિટાઈઝર્સના નિયમિત ઉપયોગ તથા ડોક્ટરની હાજરી જેવાં જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

યુવાનો, ડ્રગ્સ અને ટ્રેન્ડ પર એક વિશેષ વેબિનારનુ આયોજન

ગાંધીનગર, તા. ૬

હાઈ ઓન લાઈફ ફોઉન્ડેશન, નશા મુક્ત ભારત અભિયાન ભારત સરકાર, ગુજરાત પોલીસ અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના સંયુક્ત ઉપક્રમે ડ્રગ્સ અવેરનેસ ઉપર એક મહત્વ ના વેબિનાર નુ આયોજન અમદાવાદ યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલ હતું આ વેબિનાર માં મુખ્ય વક્તા તરીકે એનસીબી ના ઝોનલ ડિરેક્ટર શૈલેન્દ્ર મિશ્રા એ જ્ઞાન અને માહિતી પુરી પાડી હતી અને સંચાલન હાઈ ઓન લાઈફ ફોઉંડેશન

ના કૃણાલ શાહ દ્વારા કરવામાં આવેલું હતું. શૈલેન્દ્ર મિશ્રા એ કહ્યું કે 'આજ ના યુવાનો પાસે અનેક તકો છે પણ ડ્રગ્સ અને દારૂ ના રવાડે ચઢીને તેઓ પોતાની જિંદગી ખરાબ ના કરે અને ડ્રગ્સ એ પરિવાર, સમાજ, કાયદો અને વ્યવસ્થા, દેશ બધા માટે એક મોટું દુષણ બની ગયું છે' તેમને એ પણ સલાહ આપી કે યુવાનો એ સેલેબ્રીટીસ થી ખોટી પ્રેરણા ના લેવી જોઈએ. એમને જોઈને વ્યસન ના રવાડે ચઢવું એ મૂર્ખામી કહેવાય કારણ કે મોટા પરદા ઉપર જે દેખાય છે આઈ માત્ર મનોરંજન અને બિઝનેસ ના હેતુ થી દેખાડવામાં આવે છે. યુવાનો એ સ્ટ્રેશસ ફ્રી રહેવા માટે અને વ્યસન થી દુર રહેવા માટે પોતાની જાત ને મનગમતી પ્રવૃત્તિ માં વ્યસ્ત રાખવું જોઈએ, પરિવાર તથા મિત્રો સાથે સારો સમય વિતાવવો જોઈએ અને નિયમિત કસરત અને સારી ઊંઘ લેવી જોઈએ.

યુવાનો સાથેની વાતચીત માં તેમને એ બી જણાવ્યું કે યુવાનો કંઈક નવું ટ્રાઈ કરવા માટે ડ્રગ્સ લે છે અને પછી એના આધીન થઈને વ્યસની બની જાય છે. ડ્રગ્સ એક ગ્રામ લો તો બી એ તમને વ્યસની બનાવી શકે છે. તે માટે આપણે બધાએ ફક્ત સપ્લાય રિડક્શન જ નહિ પરંતુ ડિમાન્ડ રિડક્શન પર પણ કામ કરવાનું છે.આ વેબિનાર માં ૭૦ જેટલા ચુનિંદા વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.

જન્મદિને વધામણી

સંગીતાબેન શાહ
મો. ૯૯૭૯૫ ૪૬૮૦૧

કનુભાઈ એમ પરમાર
મો. ૮૮૪૯૧ ૬૭૭૪૭

અંકિતા ભીમસેન

પરમાર ગીતાબેન પ્રતાપસિંહ

સોની અદ્વેત એસ